**પ્રાતઃ સ્મરણીય મુમુક્ષુજીવોના પરમ તારણહાર, પંચમકાળમાં અધ્યાત્મ અમૃતની વર્ષા કરનાર નિષ્કારણ કરુણાશીલ સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિન પર તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન**



જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્વતવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

**(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૪૯૩)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૪, વર્ષ-૨૨, માર્ચ-૨૦૧૮

## અષાઢ સુદ ૬, શુક્રવાર, તા.૨૪-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૪૭, પ્રવચન-૧૭

**'બાહ્ય ક્રિયામાં ધર્મ નથી.'** ૪૭ શ્લોક.

**धम्मु ण पढियइँ होइ धम्मु ण पोत्था-पिच्छियइँ।**
**धम्मु ण मढिय-पएसि होइ धम्मु ण मत्था-लुचियइँ।।४७।।**

**'શાસ્ત્રો વાંચવા માત્રથી ધર્મ થઈ જતો નથી.'** શાસ્ત્ર ભણી ભણીને પંડિત મોટો થયો માટે ધર્મ થઈ જાય, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'પોત્થા-પિચ્છિય'** આ **'પુસ્તક અને પીંછી રાખવા માત્રથી ધર્મ થતો નથી.'** નગ્ન મુનિ થઈ ગયા ને પીંછી રાખી અને એક પુસ્તક રાખ્યું, એ કાંઈ ધર્મ છે નહિ. જુઓ! આ 'યોગીન્દ્રદેવ' પોતે દિગંબર મુનિ છે, જંગલવાસી આચાર્ય છે. આત્મધ્યાનમાં મસ્ત છે. એ કહે છે કે, તારા મોરપીંછી ને પુસ્તકથી કાંઈ ધર્મ થતો નથી.

**'કોઈ મઠમાં રહેવાથી ધર્મ થતો નથી.'** એકાંતમાં જઈ વનમાં રહે, કોઈ મઠમાં રહે. વનમાં અને મઠમાં રહે એમાં શું થયું? ઘણાં ચકલાં એમાં રહે છે. સમજાય છે કાંઈ? હેં? મઠ અને વન બધું એક જ છે. એમાં શું? ધર્મનું ભાન નથી ત્યાં મઠમાં રહે કે વનમાં રહે કે ઘરમાં રહે. સમજાણું કાંઈ? અને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધનું ભાન કરીને ચાહે તો વનમાં રહે કે ચાહે તો ઘરમાં રહે. સમજાણું કાંઈ? આત્માના ભાન વિના કહે છે, કોઈ મઠમાં રહેવાથી ધર્મ નથી.

એમ **'કેશ લોચ કરવાથી પણ ધર્મ થતો નથી.'** **'मत्था-लुचियइँ'** માથાના લોચ કરે છે ને, છ-છ મહિને? એનાથી કાંઈ ધર્મ છે નહિ. લોકોને એમ થઈ જાય.. આહા.હા..! એ તો જડની ક્રિયા છે. એ કાંઈ આત્માની ક્રિયા છે જ નહિ. એમાં કાંઈ રાગ મંદ હોય અને સહનશીલતા કરે તો એ પુણ્યભાવ છે. અંદર આત્માના આનંદના ભાન વિના એવા માથા મુંડાવે પણ કાંઈ ધર્મ-બર્મ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'જે ધર્મથી જન્મ-જરા-મરણના દુઃખ મટે, કર્મોનો ક્ષય થાય, આ જીવ સ્વાભાવિક દશાને પામી અજર અમર થઈ જાય તે ધર્મ...'** કહેવાય છે. એ **'આત્માનો નિજ સ્વભાવ છે.'** ધર્મ છે, લ્યો! **'તે જ નિશ્ચય રત્નત્રયમય ધર્મ, સ્વાનુભવ કે શુદ્ધોપયોગી ભૂમિકાને પ્રાપ્ત કરશે.'** લ્યો! પોતાની શ્રદ્ધા કરશે, પોતાનું જ્ઞાન કરશે, એકાગ્રતા કરશે તે સાચા શુદ્ધોપયોગની પ્રાપ્તિ કરશે.

**'જે કોઈ તે તત્ત્વને બરાબર ન સમજે...'** ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા જગતનો સાક્ષી, જગતનો ચક્ષુ, દુનિયાના દૃશ્યનો દેખનાર, એ જ્ઞેયનો જાણનાર એવો ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા અનુભવમાં ન લ્યે અને એ સિવાય **'બાહ્ય ક્રિયા માત્ર વ્યવહાર જ કરે અને માને કે હું ધર્મનું સાધન કરી રહ્યો છું...'** તો એ ધર્મ-સાધન છે નહિ. કહો, સમજાણું

કાંઈ? હેં?

મુમુક્ષુ : ખેતર વિશુદ્ધિ...

ઉત્તર : ખેતર વિશુદ્ધો પણ નહિ. ખેતર શેનો વિશુદ્ધો? વાવે ત્યારે ખેતર વિશુદ્ધ કહેવાય ને? વાવ્યા વિના (શું)? 'ખસ'માં રહેતા, નહિ ઓલા? કુંભાર નહિ? ગુજરી ગયા. બહુ આટલા આટલા સુધી ખેતરને સાફ કરતા (પણ) વાવે નહિ. વાવ્યા વિના ઊગતા હશે? શું કીધું એનું નામ? આપણે હતા ને અહીં? એ પછી સાધુ થયા હતા. એ ખેતરમાં બહુ સાફ કરતા. આટલું આટલું ખોદીને અંદરથી બોરડી અને કાંટા કાઢે. વાવવાનો વખત આવે ત્યારે વાવે નહિ. એ પાછા એવી લાઈનમાં ચાલ્યા ગયા. સૂઝે નહિ. ધર્મની લાગણી ખરી. કરે આવી મહેનત અને ટાણાં આવે ત્યારે વાવે નહિ. એવી ન્યાં એની છાપ હતી.



મુમુક્ષુ : ખડ તો થાય.

ઉત્તર : ખડ તો અમસ્તુ પણ થાય. ખડ થાવું એમાં શું છે?

મુમુક્ષુ : દાખલો પણ બરાબર મળી ગયો.

ઉત્તર : ના, ના. દાખલો છે આ. એને પણ એવી લાઈન. આમ પાછો એને ભાવ ખરો, દીક્ષા લેવી, દીક્ષા લેવી એવું ખરું. કરે ત્યારે કરે અને પછી બેસી જાય, કાંઈ સૂઝ ન પડે. એમ ખેતર સાફ કરે પણ બીજ વાવ્યા વિના ઊગે ક્યાંથી? બીજ વિના ઝાડના ઢેફા ફાટતા હશે?

એમ ભગવાનઆત્મા અખંડાનંદ પ્રભુ, એનો અનુભવ કર્યા વિના મોક્ષના કણહલા ક્યાંય પાકે નહિ. બહારની ક્રિયાકાંડ કરીને મરી જાય. દયા પાળે ને વ્રત પાળે ને ભક્તિ કરે ને પૂજા કરે ને લાખો, કરોડોના દાન કરે, સમજાણું કાંઈ? લાખો, કરોડોના દાન કરે અને લાખ, કરોડ મંદિર બનાવે. હરામ ધર્મ હોય એમાં તો. શુભભાવ થાય. શુભભાવ પુણ્ય થાય. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે ને, જુઓને, આકરી ભાષા બધી લીધી છે. (અહીં) **'કહ્યું છે કે ગ્રંથ વાંચવાથી જ ધર્મ નહિ થાય. ગ્રંથોનું પઠનપાઠન એટલા માટે ઉપયોગી છે કે જગતના પદાર્થો,...'** જાણીને પછી આત્માનો અનુભવ કરવો. સમજાય છે? **'જો શુદ્ધાત્માની પ્રાપ્તિ ન કરે, કેવળ શાસ્ત્રોના અભ્યાસી મહાન વિદ્વાન અને વક્તા થઈને ધર્માત્મા હોવાનું અભિમાન કરે...'** શુદ્ધાત્મા ભગવાન પરમાનંદની મૂર્તિનો અનુભવ ન હોય, સમ્યગ્દર્શન નથી, એનો અનુભવ નથી, કેવળ શાસ્ત્રોનો પાઠી (છે), એકલા શાસ્ત્રો ભણે, દુનિયામાં મહાન વિદ્વાન કહેવાય, વક્તા પાછું પાંચ-પાંચ લાખ માણસમાં ભાષણ આપે. **'ધર્માત્મા હોવાનું અભિમાન કરે તો એ બધું મિથ્યા છે.'** એ કંઈ ધર્માત્માપણું નથી. આહાહા..! હેં?

મુમુક્ષુ : આવું અનાદિથી ચાલ્યું આવે છે.

ઉત્તર : અનાદિથી એમ ને એમ ચાલ્યું આવે છે.

ધર્મ તો આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવો એ ધર્મ છે. ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનનું અંદરમાં વેદન કરે એનું નામ ધર્મ છે. એ ધર્મ વિના બહારના શાસ્ત્રોના ભણતરમાં વિદ્વતા ધરાવી અભિમાન કરે (તો એ) મિથ્યા છે.

**'એવી જ રીતે કોઈ ઘણા શાસ્ત્રોનો**

**સંગ્રહ કરે,...'** ભરો પુસ્તકો પાંચ-દસ લાખ મોટા. સમજ્યા ને? જેમ દાણાનો સંગ્રહ કરે છે ને? એમ આ પુસ્તકનો સંગ્રહ કરે. કહો, સમજાણું? **'પીંછી રાખીને સાધુ કે ક્ષુલ્લક શ્રાવક થઈ જાય,...'** લ્યો! પુસ્તક ખૂબ રાખે, પીંછી રાખે. સમજાણું? **'કેશ લોચ કરે, એકાંત મઠમાં કે ગુફામાં બેસે પરંતુ શુદ્ધાત્માની ભાવના ન કરે,...'** અંતર આનંદસ્વરૂપ ભગવાન, એનો અંતર દૃષ્ટિ, જ્ઞાન ને અનુભવ ન કરે, **'બાહ્ય મુનિ કે શ્રાવકના વેષને જ ધર્મ માની લે તો એમ માનવું મિથ્યા છે. શરીરના આશ્રયે જે વેષ હોય તે કેવળ નિમિત્ત છે, વ્યવહાર છે, ધર્મ નથી.'** એ વ્યવહાર, ધર્મ નથી. સમજાણું?

**'વ્યવહાર ક્રિયાકાંડથી કે ચારિત્રથી રાગભાવ શુભભાવ થવાથી પુણ્યબંધનો હેતુ છે...'** લ્યો, સમજાણું? એ **'નિર્જરા અને સંવરનો હેતુ નથી... મુમુક્ષુજીવે આ વાતની દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે ભાવની શુદ્ધિ જ મુનિ અથવા શ્રાવક ધર્મ છે,...'** એ ધર્માત્માને એ દૃઢતાથી શ્રદ્ધામાં રાખવું જોઈએ કે અંદરમાં આત્માના પુણ્ય-પાપના ભાવ વિના આત્માની શુદ્ધિની ભાવના થવી અને ભાવ થવો એ જ મુનિ અને શ્રાવકધર્મ છે. સમજાણું? અશુભભાવથી બચવા માટે શુભભાવ આવે. સમજાય છે?

**'કોઈ જીવ ગમે તેટલું ઊંચું બાહ્ય ચારિત્ર પાળે અને કોઈને ગમે એટલા શાસ્ત્રોનું જ્ઞાન હોય તો પણ નિશ્ચય ધર્મ વિના સારરહિત છે,...'** કહો, થોથા છે, એકડા વિનાના મીંડાં છે. કોરે કાગળે. હેં?

મુમુક્ષુ : ધર્મીની ઓળખાણ તો થાય.

ઉત્તર : ધૂળમાં ધર્મીની ઓળખાણ નથી થતી. ધર્મની ઓળખાણ, ધર્મી આત્માની ઓળખાણ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનો અનુભવ એ ધર્મની ઓળખાણ છે. દયા, દાન, વ્રતના પરિણામ એ તો વિકાર છે, એ ધર્મીની ઓળખાણ છે નહિ. ભારે વાત આકરી.

**'નિશ્ચયધર્મ વિના સાર રહિત છે, ચાવલ વિનાના ફોતરા બરાબર છે.'** જેમ ચાવલ ન હોય અને એકલા ફોતરાં હોય. ફોતરા કહે છે ને? તુષ.. તુષ. એમ આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ વિના એ બાહ્ય ક્રિયા મહાવ્રતના પરિણામ આદિ બધા થોથા, થોથા છે. **'પુણ્યબંધ કરાવીને સંસારનું ભ્રમણ વધારનાર છે.'** બધાની વાત (કરી છે). ઓલો કહે, સંસાર વધારે? સંસાર વધારે? પાછો ટીકા કરે. આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, નિર્વિકલ્પ આનંદકંદ, એનો અનુભવ, સમ્યગ્દર્શન, જ્ઞાન વિના જેટલી ક્રિયા પંચ મહાવ્રત આદિની, દયા, દાન, ભક્તિ, પૂજાની કરે એ બધી પુણ્યબંધની કરનાર છે. સંસારભ્રમણ વધારનાર છે. એમાં તો સંસાર વધે છે, એમ અહીં તો કહે છે. કહો, ભાઈ! જેટલો અંશ વીતરાગ છે એટલો ધર્મ છે, એમ કહેવું છે. સમજાણું?

**'હે આત્મા! તું આ પાપનો બંધ કરનારી કલ્પનાને છોડ, એમ અહંકાર ન કર કે હું શૂરવીર છું.'** છેલ્લો બોલ-દાખલો છે. **'બુદ્ધિમાન છું, ચતુર છું, સૌથી વધારે લક્ષ્મીવાળો છું,...'** છોડી દે એ વાત. ભગવાનઆત્મા નિરાળો જ્ઞાનાનંદ છે, એને આવા બહારના અભિમાન શેના? મોટો પૈસાવાળો છું, મને દુનિયા કરોડો(પતિ) માને છે, હું **'ગુણવાન છું, સમર્થ છું અથવા સર્વ મનુષ્યોમાં અગ્ર છું, મુનિરાજ છું. નિરંતર નિર્મળ આત્મતત્ત્વનું જ ધ્યાન કર.'** એ અહંકાર છોડી દે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી વસ્તુ, એનો નિરંતર અનુભવ કર તો મોક્ષની લક્ષ્મી મળશે. બાહ્ય ક્રિયાકાંડમાં કાંઈ વળે એવું નથી. ભારે આકરું પણ. લ્યો! આ 'શીતલપ્રસાદ' તો ચોખ્ખું લખે છે.

મુમુક્ષુ : વ્યવહાર સાબિત કરી વ્યવહારને ઉડાડે છે.

ઉત્તર : વ્યવહાર સાબિત નથી કર્યો? વ્યવહાર છે, કોણે ના પાડી? વ્યવહારથી લાભ થાય એ ના પાડે છે, વ્યવહારથી લાભ ના પાડે છે. એ ૪૭ મી ગાથા (પૂરી) થઈ.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૧૫)

ૐ

કલકત્તા
૨૫-૬-૫૪

**પૂજ્ય ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... સોનગઢ, નિહાલચંદ્રના ધર્મસ્નેહ.**

આપના પત્રો પહેલાં પણ મળ્યા હતા અને એક હમણાં જ કલકત્તામાં મળ્યો. હું લગભગ બે મહિનાથી કલકત્તાની બહાર હતો, આથી જવાબ વગેરે આપી શક્યો નથી. શું બતાવું? હૃદયને પૂર્ણતયા વ્યક્ત નથી કરી શકાતું. અહીં પણ તીવ્ર ભાવના હતી કે, ‘પૂજ્ય ગુરુદેવ’ના વિહારમાં અવશ્ય સાથે થઈ જાઉં. કેટલાક દિવસો અજમેરમાં રહેવાનું થયું, ત્યાંથી ‘ઉમરાળા’નો પ્રોગ્રામ ભાઈ સોભાગમલ દોશીની ભજન મંડળીવાળાઓની સાથે ગોઠવ્યો હતો, પરંતુ તે પણ પૂરો ન થઈ શક્યો. અહીંથી ગયા પછી ૨૦-૨૫ દિવસો સુધી શારીરિક અસ્વસ્થતાના કારણે વધુ વિલંબ થઈ ગયો, તેથી મિલવાળાઓના તાર-ટેલિફોન ઘણા આવવાથી અત્યંત ખેદ છે કે પૂજ્ય પરમોપકારી ‘ગુરુદેવ’નાં દર્શન વિના જ કલકત્તા પાછા આવવું પડ્યું. હવે આ સ્થિતિમાં એ તરફ આવવાનો પ્રોગ્રામ હાલ તરત જ નજરે પડતો નથી. માલૂમ પડ્યું કે શેઠ વચ્છરાજજી સોનગઢ ગયા છે, પહોંચી ગયા હશે. પુણ્યયોગ નથી તેથી ત્યાંનો સંયોગ નથી. અરુચિકર વાતાવરણનો યોગ છે, મહા અફસોસ છે! મને ત્યાં બોલાવવા માટેની આપની વારંવારની ભાવનાઓને હું સારી પેઠે સમજી શકું છું. મારું હૃદય પણ હવે ત્યાંને માટે આતુર છે. ઘણો સમય થઈ ગયો છે. પૂજ્ય ‘ગુરુદેવ’નાં અને સોનગઢના વાતાવરણનાં સંસ્મરણો વારંવાર ઉત્સાહને વધારતા રહે છે, પાપબંધ ઢીલો પડે છે, પુણ્યબંધ વૃદ્ધિ પામે છે, વિવેકમાં છે પણ એ બધાથી શું? અહો ‘ગુરુદેવ!’ આપે તો આ બંનેથી અલગ વૃત્તિ દેખાડી દીધી છે કે જે આ વૃત્તિ હોવા છતાંયે વિચલિત નથી થતી, ખીલાના સહારાથી ડગતી નથી. તેને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ નથી. પૂજ્ય ‘ગુરુદેવ’ કહે છે કે, જે કંઈ લાભ છે તે તો આ વૃત્તિ જ છે, અનંત સુખોના પિંડની સાથે તે રહે છે, પછી ચિંતા શેની? એ તો સ્વયં સ્વભાવથી જ ચિંતા રહિત છે, નિશ્ચિંત વૃત્તિમાં ચિંતિત વૃત્તિનો તો અત્યંત અભાવ છે. હે ભગવાન! આપની આ વાણી મસ્તકમાં નિત્ય ઘૂમતી રહે એ જ ભાવના છે.

અધિક પછીથી. આશા છે કે બધી બહેનો કુશળ હશે.

**ધર્મસ્નેહી નિહાલચંદ્ર**

(૧૬)

**કલકત્તા**

૩-૭-૫૦

**આત્માર્થી... સોનગઢ, નિહાલચંદ્રના ધર્મસ્નેહ.**

એક પત્ર પહેલાં લખ્યો હતો તે પહોંચ્યો હશે. આશા છે કે, પરમ ઉપકારી ‘ગુરુદેવ’ સુખશાંતિમાં બિરાજતા હશે અને શ્રોતાગણને અમૃતરસમાં સ્નાન કરવા પ્રેરણા મળતી હશે. **ધર્મસ્નેહી નિહાલચંદ્ર**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના**
**બોલ-૯૪૯ ઉપર થયેલ ભાવવાહી**
**પ્રવચન, તા. ૧૭-૦૬-૧૯૮૫,**
**પ્રવચન નં. ૫૬૪**
**(વિષય : વિધિ)**

**તત્ત્વજ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા હોવી જોઈએ. સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિનો શુભવિકલ્પ આવે છે, આનંદ સ્વભાવમાં લીન થાઉં એવી ભાવના ધર્મીને આવે છે. પ્રતિજ્ઞા લીધા વિના આસક્તિનો નાશ થતો નથી. પ્રથમ સ્વભાવનું ભાન થવું જોઈએ. ૯૪૯.**

પરમાગમસાર. ૨૬૨ પાનું. ૯૪૯ ચાલે છે. પ્રતિજ્ઞાના વિષયમાં ખુલાસો છે. પ્રતિજ્ઞા યથાર્થ પ્રકારે ક્યારે હોય અને પ્રતિજ્ઞા અને આરાધનાને કેટલો સંબંધ છે? શું સંબંધ છે? અને પ્રતિજ્ઞા વિરાધનાનો કેવી રીતે ઘાતક છે એનો ખુલાસો છે. ફરીને લઈએ.

'**તત્ત્વજ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા હોવી જોઈએ.**' તત્ત્વજ્ઞાનપૂર્વક એટલે સ્વ તત્ત્વના જ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા હોવી જોઈએ. પોતે કોણ છે? મૂળમાં પોતે કોણ છે? અવસ્થાએ ક્યાં ઊભો છે? જ્યાં ઊભો છે ત્યાં ઊભા રહેવા જેવું છે કે ત્યાંથી ખસવા જેવું છે? ખસવા જેવું છે તો ખસીને ક્યાં જવા જેવું છે? કેવી રીતે ખસાય છે? આ બધું સ્વ તત્ત્વના જ્ઞાનમાં આવે છે. એવા તત્ત્વજ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા હોવી જોઈએ.

અહીંયાં તર્ક થઈ શકે છે કે એવું તત્ત્વજ્ઞાન હોય છતાં અમને પ્રતિજ્ઞા લેવાનો ભાવ હોય તો લેવી કે નહિ? અને પ્રતિજ્ઞા લેવાથી બીજું અમને શું નુકસાન છે? જે-તે પદાર્થ સંબંધી પ્રતિજ્ઞા લઈશું, જે-તે પ્રકારની પ્રતિજ્ઞા લઈશું તેટલા પાપથી તો છૂટશું.

મુમુક્ષુ :- એટલો તો લાભ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો તો સીધો હિસાબ છે. તો શું અમારે એવા પાપ ન છોડવા? તત્ત્વજ્ઞાન ન થાય ત્યાં સુધી એવું પાપ કરવાનું ચાલું રાખવું એ વાત કાંઈ વ્યાજબી છે? આ તર્ક અહીં સંભવિત છે. એને કહે છે કે એવો તારો વિકલ્પ હોય કે ભલે તત્ત્વજ્ઞાનની મને હજી સમજણ આવી નથી, થઈ નથી. એને એમ કહે છે કે તત્ત્વજ્ઞાનની સમજણ કરવાનો તું પ્રયત્નવાન છો કે નહિ? જો તું તત્ત્વજ્ઞાનના સમજવાનો પ્રયત્નવાન હો અને હજી તને સમજ ન આવી હોય તો પ્રતિજ્ઞા કરતા તને રોકતા નથી. ભલે તું લે પ્રતિજ્ઞા. પણ સાથે સાથે એમ સમજણ રાખજે કે આ પ્રતિજ્ઞા કેવળ થોડો પાપભાવ મટવા પૂરતું સાધન છે અને તત્ત્વજ્ઞાન થયા પહેલા એનું કોઈ વિશેષ મૂલ્ય નથી. આટલી સમજણ રાખજે.

બીજો પક્ષ. કે જો તત્ત્વજ્ઞાનની સમજણનો પ્રયત્નવાન જ નથી અને એકલો પ્રતિજ્ઞા સંબંધિત રાગ હોવાથી પ્રતિજ્ઞા લઈએ છીએ, પાપ છોડવા માટે, તો એને કહે છે કે તું ઊભો રહે. તારી શક્તિનો ઉપયોગ તત્ત્વજ્ઞાનની સમજમાં પ્રથમ લગાવ. એ લગાવતા પણ જો તારી પાસે શક્તિ બચે તો ભલે પ્રતિજ્ઞા તું લે અમને

વાંધો નથી. તત્ત્વજ્ઞાનની સમજ થયા પહેલાં પણ લે, અમને કાંઈ વાંધો નથી. પણ એમાં તું એ સમજમાં રહી શકીશ કે આ પ્રતિજ્ઞાનું પરમાર્થે, ધર્મને અર્થે એવું કાંઈ મૂલ્ય નથી. અને એમ સમજ રાખતા તને એ વ્રતાદિનું જે અભિમાન થવાનો પ્રસંગ છે એ નહિ થાય કદાચ. એનાથી તું બચી શકીશ. એમ કહે છે.

એવું નથી કે પાપમાં ઊભો રાખીને તત્ત્વજ્ઞાન સમજાવવું છે. પાપમાં ઊભો રાખીને તત્ત્વજ્ઞાનની પ્રેરણા આપવી છે એવો તો કોઈ આશય હોઈ શકે નહિ. જ્યાં શુદ્ધતાનો, નિર્દોષતાનો, પવિત્રતાનો માર્ગ હોય, જ્યાં તત્ત્વની પ્રરૂપણા એવી હોય ત્યાં તો એ વાત હોઈ શકે નહિ. કેમ કે એ તો સ્થૂળ બુદ્ધિથી પણ ન્યાયના વિષયમાં ન્યાય સંમત પણ થાય એવું નથી.

પણ રાજમાર્ગ જે છે, જિનમાર્ગ છે, મોક્ષમાર્ગ છે, જિનેન્દ્રદેવની જે માર્ગની આમ્નાય છે એમાં તો પ્રકાર એવો છે યથાર્થ પ્રકાર એવો છે કે કોઈપણ જીવ પોતાની પ્રથમ શક્તિને તત્ત્વજ્ઞાનમાં લગાવે. છતાં એને કષાયની મંદતા રહેતી હોય તો જરૂર પ્રતિજ્ઞા લે પણ એની સમજણ રાખે કે આ પ્રતિજ્ઞા તે વાસ્તવિક વ્રતાદિરૂપ નથી. તે સાચા વ્રત નથી. સાચા વ્રત નથી એમ સમજીને રાખે તો ઘણો ફેર પડે છે.

જેમ કોઈ કારણવશ ખોટા દાગીના પહેરે. યાત્રાએ જાય છે ને? બિહાર બાજુ તો લૂંટ બહુ થાય છે. આપણા લોકો જાય છે. સાચા દાગીના ઉતારી લે. ખોટા દાગીના પહેરી લે. એક રૂપિયાવાળી બંગડી પહેરી હોય ને એક રૂપિયાવાળું ઇયરિંગ પહેર્યું હોય. દાગીના પહેર્યા છે એમ ખબર છે, પણ ખોટા પહેર્યા છે એનું ભાન છે. તો એની એને સાવધાની નથી અને એના પરિણામ મમત્વપૂર્વક ત્યાં લાગતા નથી.

એમ સાચા વ્રત નથી એમ જેને ખ્યાલ છે એને એ બાજુ મમત્વ થવાને બદલે સ્વ તત્ત્વમાં મમત્વ થવાનો અવકાશ રહે છે. અને જે ખોટા વ્રતને સાચા માની લે છે એ એટલી વ્રતાદિની સાવધાનીમાં અને વ્રતાદિના રાગમાં એટલા એ સાવધાન રહે છે, તન્મય રહે છે કે એને પોતાના સ્વ તત્ત્વ બાજુ વળવાનો અવકાશ પછી રહેતો નથી. એ નુક્સાન થાય.

એટલે વિશેષ વિચારીએ તો જો પહેલા પ્રતિજ્ઞા લીધી હોય, લેવાઈ હોય અથવા લેવાના ભાવ હોય તો આ પ્રકારે સમજણ રાખવી. અને એવી શક્તિ ન હોય તો જેટલી મૂડી-શક્તિ છે, પરિણામની શક્તિ એ મૂડી છે ને? એને તત્ત્વજ્ઞાનની સમજમાં લગાવવી, ઉપયોગને ત્યાં લગાવવો અને એ સ્વ તત્ત્વની સમજણ થયા પછી, સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિનો શુભ વિકલ્પ આવે છે. સમ્યગ્દ્રષ્ટિને પરિપૂર્ણ નિર્દોષ થવું હોવાથી પરિપૂર્ણ નિર્દોષ થવાના ધ્યેયપૂર્વક તે સમ્યગ્દ્રષ્ટિ થયો હોવાથી તેને આસક્તિનો રાગ મટાડવાનો પણ વિકલ્પ આવે છે. એ ચારિત્રમોહનો રાગ છે. દર્શનમોહ મટ્યો એટલે બસ હવે વાંધો નથી, હવે મારો ચારિત્રનો રાગ તો મટી જ જવાનો છે. પછી એને મટાડવાનો કાંઈ વિકલ્પ નહિ. એવી બેદરકારી અથવા એ પ્રકારે અનુચિત પ્રકારે, અયથાર્થ પ્રકારે દોષને ગૌણ કરવાની વૃત્તિ સમ્યગ્દ્રષ્ટિને તો હોતી નથી. હોય તો સમ્યગ્દ્રષ્ટિ હોતા નથી. એટલે સમ્યગ્દ્રષ્ટિને પણ પોતાના ધ્યેય સુધી, પૂર્ણ નિર્દોષતા સુધી પહોંચવા અર્થે વ્રતાદિનો વિકલ્પ આવે છે. નથી આવતો એ પ્રશ્ન નથી.

જેમ કે મુનિદશા અંગીકાર કરવામાં પ્રથમ દીક્ષાની પ્રતિજ્ઞા કરાવે છે. એમાં વ્યવહાર અને નિશ્ચની અનેકવિધ પ્રકારે પ્રતિજ્ઞાના સંકલ્પ છે. મેં મુનિદીક્ષાની વિધિ જોઈ નથી કે સાંભળી નથી પણ આમ જ હોય, બીજી રીતે હોઈ શકે નહિ. એ વિધિમાં કોઈ વખત આપણે હાજર નથી, ઉપસ્થિત નથી (રહ્યા). પણ આમ જ હોય. એમાં પ્રતિજ્ઞાના અનેક પ્રકારની વિધિ છે ત્યાં.

મુમુક્ષુ :- વ્યવહાર નિશ્ચય બંને.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહાર સંબંધિત અને નિશ્ચય સંબંધિત બંને હોય છે. એટલે વ્યવહારમાં પણ એને શુભભાવ અને અશુભભાવ સર્વસાવદ્યયોગના ત્યાગની પ્રતિજ્ઞા એ અશુભભાવ સંબંધિત છે અને ગૃહસ્થને યોગ્ય શુભભાવ આરંભ સમારંભપૂર્વકવાળા નહિ, બાકીના પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગણની પ્રતિજ્ઞા અવશ્ય

હોય છે.

નિશ્ચયથી શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા હોય છે કે હું શુદ્ધોપયોગમાં રહીશ. એવી પ્રતિજ્ઞા નિશ્ચય સંબંધિત પણ હોય છે. એમ ત્રણે પ્રકારના પરિણામને આવરી લે, એવો એ ધોખ મોક્ષમાર્ગ છે. અને ત્યાં પ્રતિજ્ઞાનો એક પ્રકાર ઊભો થાય છે.

કેમ કે એવો સિદ્ધાંત છે કે '**પ્રતિજ્ઞા લીધા વિના આસક્તિનો નાશ થતો નથી.**' આ પણ એક બહુ અનુભવપૂર્ણ વચન છે. આગળ આવે છે એ ચર્ચીએ પહેલા. એ પહેલા આટલી વાત છે કે જે '**વ્રતાદિનો શુભવિકલ્પ આવે છે,...**' એવો એક શુભભાવનો પ્રકાર છે, જે નિષેધવા યોગ્ય નથી. મોક્ષમાર્ગમાં એ નિષેધવા યોગ્ય નથી. જેમ મોક્ષમાર્ગની અંદર બીજા પરિણામ હોય જ છે. જેમ કે જિનેન્દ્ર દર્શન. જિનેન્દ્રના દર્શનના પરિણામનો કોઈ નિષેધ કરે, એક આત્મામાં ઉપયોગ જોડવો છે એમાં પરને શું કામ છે? માટે આ પ્રતિમા ને મંદિર ને બીજી ને ત્રીજી એ વાત આપણે સંમત કરતા નથી. તો એ પણ ખોટો છે. એની એને ખબર નથી. બહુ સમજણનો માર્ગ છે આ. એમ ને એમ એકાંત કરી જાય એવું પણ એમાં નથી. કઈ ભૂમિકામાં કેટલા શુભ ભાવો હોય, અને જો ન હોય તો એને એથી નીચેના શુભ ભાવો કે અશુભ ભાવો જ હોય. એની એ ભૂમિકા નથી એનું શું? એટલે ચારિત્રના પરિણમનથી પણ એની ભૂમિકાનું માપ છે. જ્ઞાનના પરિણમનથી પણ એની ભૂમિકાનું માપ છે અને શ્રદ્ધાનના પરિણમનથી પણ એની ભૂમિકાનું માપ છે. સુખના પરિણમનથી પણ એની ભૂમિકાનું માપ છે, પુરુષાર્થના પરિણમનથી પણ એની ભૂમિકાનું માપ છે.

દરેક ભૂમિકાની ચોક્કસ સ્થિતિ છે. અને જિનેન્દ્ર દેવની દિવ્યધ્વનિમાં એ માર્ગ પ્રકાશ્યો છે કે અમે જે માર્ગે ચાલ્યા એ અમારા માર્ગે ચાલનાર, વ્યવહારથી અમારા માર્ગે, નિશ્ચયથી પોતાના શુદ્ધાત્માના આત્માના માર્ગે ચાલનારની આ ભૂમિકામાં જે-તે પ્રકારની જે-તે ભૂમિકામાં આ પ્રકાર હોય છે. એને ઓળંગીને બીજો પ્રકાર હોતો નથી. અને એટલે જ તો પ્રાયશ્ચિત આદિનું વિધાન છે. નહિતર પ્રાયશ્ચિત કરવાનો ક્યાં સવાલ રહે છે? પ્રાયશ્ચિતનું વિધાન શા માટે છે? કે ભૂમિકાથી અતિચાર થઈ જાય, પરિણામમાં એવો કોઈ ભાવ ઉત્પન્ન થઈ જાય, અતિચાર થઈ જાય તો મોક્ષમાર્ગી જીવ જાગૃત હોવાથી એના એ ખ્યાલબહાર હોતું નથી. એટલે એ બચે છે દોષમાંથી. ઘણી કાળજી અને ઘણી સાવધાનીનો માર્ગ છે. એમ ને એમ બફમમાં ને બફમમાં માની લે કે અમે ધર્મ કરીએ છીએ અને એમ ને એમ કાળ ચાલ્યો જાય એવો વિષય નથી.

કહે છે કે '**સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિનો શુભવિકલ્પ આવે છે,...**' ન આવે એવું બનતું નથી. જે આગળ ચડે છે એને એ વિકલ્પ મોક્ષમાર્ગમાં આગળ વધે છે, શુદ્ધતામાં આગળ વધે છે, તેને અશુદ્ધતાની હાની થવા અર્થે વિકલ્પ આવે છે. અને એ વિકલ્પ આવે છે એની પાછળ એનો પરમાર્થ શું છે? એનો આત્માર્થ શું છે? કે એનો આશય એટલો જ છે કે જે આનંદ સ્વભાવ છે, મને અનુભવગોચર થયો છે તેમાં મારે લીન રહેવું છે. આનંદમાં લીન થાઉં એવી જે ધર્મીની ભાવના એ ભાવનાને અનુસરીને એ ભાવનાને સાનુકૂળ એવો વ્રતાદિનો વિકલ્પ છે. વ્રતાદિના વિકલ્પને અને સ્વભાવની લીનતા એટલે સ્થિરતાને સંબંધ છે. આમ છે. વ્યવહારે સંબંધ છે.

નિશ્ચયથી સ્વરૂપની લીનતા નિરપેક્ષ છે. વ્યવહારે એને જે-તે ભૂમિકાના શુભભાવ સાથેનો વ્યવહાર સંબંધ છે એટલે તો એનું નામ વ્યવહારરત્નત્રય પાડ્યું છે. વ્યવહાર સંબંધ છે. એમ ન માને એ વસ્તુને સમજ્યો નથી. વ્યવહાર નિશ્ચયાત્મક, જે મોક્ષમાર્ગ છે એને એ સમજ્યો નથી.

'**આનંદ સ્વભાવમાં લીન થાઉં એવી ભાવના ધર્મીને આવે છે.**' ભાવના હોય છે, ભાવના વર્તે છે એ ભાવનાને પહોંચી વળવા, એ ભાવનાને સાકર કરવા એને વ્રતાદિનો વિકલ્પ પણ આવે છે. કેમ કે એવો સિદ્ધાંત છે કે '**પ્રતિજ્ઞા લીધા વિના આસક્તિનો નાશ થતો**

**નથી.**' બહુ સુંદર ન્યાય છે આ. આ ન્યાયની દૃષ્ટિએ ન્યાય છે અને બીજી રીતે વસ્તુની સ્થિતિ છે આ. શું ન્યાય છે આમાં? કે જે પ્રતિજ્ઞાનો વિકલ્પ છે, વ્રતનો વિકલ્પ છે એ ઉત્પન્ન થયા પહેલા એને અવ્રતનો વિકલ્પ છે. વિકલ્પની સામે વિકલ્પ મૂક્યો છે ન્યાયથી. પ્રતિપક્ષ મૂક્યો છે. અવ્રતની સામે વ્રત પ્રતિપક્ષ છે. વકીલની સામે વકીલ ઊભો રાખે ને? કે કુંભાર ઊભો રાખે? માટલા ઘડતો હોય ટપલા મારતો હોય એને લઈ જાય કે હાલને ભાઈ, મારો કેસ લડી લે ને તું. એને આ વિકલ્પ આ રીતે આવે છે.

એક બીજું દૃષ્ટાંત લઈએ. વિકલ્પની સામે વિકલ્પ કેવી રીતે છે? કે સ્વરૂપનું ધ્યાન કરવાનો વિકલ્પ આવે કે હું મારા સ્વરૂપમાં એકાગ્ર થાઉં. એમાં બીજા વિકલ્પ આવતા હોય-ઉદયના કાર્યોના કે આ ઠીક કરવું છે. આ આમ છે, આ આમ છે. તો એ જે ઉદય સંબંધિત વિકલ્પો ઉત્પન્ન થઈ જતા હોય ત્યાં એ વિકલ્પને તોડવા એક વિકલ્પ આપે છે કે તું પંચ પરમેષ્ઠીનો વિકલ્પ કર. કેવા છે પંચ પરમેષ્ઠી? કે નમો અરિહંતાણં કહેતા નિરવશેષપણે સ્વરૂપમાં એકાગ્ર થઈને ડૂબેલા છે એવા અરિહંત છે. પોતાને ધ્યાન સ્વરૂપમાં લીન થવાનું કરવું છે ને? તો વિકલ્પ લીધો સ્વરૂપમાં જે બીજા (લીન) છે એનો લીધો.

એથી આગળ ચાલીને એમ કહે છે કે તારું જે સ્વરૂપ છે એ નિર્વિકલ્પ સ્વરૂપ છે, તો હું નિર્વિકલ્પ સ્વરૂપ છું એમ લક્ષમાં, જ્ઞાનમાં, ઉપયોગમાં લે. ઉપયોગમાં એનું લક્ષ કર. પણ ત્યાં હજી વિકલ્પ ઉપજે છે. તો ઉદયના વિકલ્પને તોડવા સીધું જેનું ધ્યાન જામતું નથી અને ઉદયના વિકલ્પોમાં પરિણામ ચાલ્યા જાય છે એને વિકલ્પની સામે વિકલ્પ ઊભો થાય તો ઓલો વિકલ્પ અટકે એનો. સીધો આવી ન શકે. અશુભમાંથી સીધો આવી શકે નહિ. એકાગ્ર થવા બેઠો અને દુકાન સાંભરી, પરિવારનો વિકલ્પ આવ્યો. એ અશુભ ધ્યાન છે. સીધો આવશે નહિ. સમ્યગ્દૃષ્ટિને એ વિકલ્પ આવે છે. વિકલ્પની સામે વિકલ્પ આવે છે.

એમ અહીંયાં અવ્રતાદિનો વિકલ્પ છે. વ્રતાદિ અંગીકાર કર્યા પહેલા અવ્રતાદિની સ્થિતિ છે પરિણામની, એની સામે વ્રતાદિની જે પ્રતિજ્ઞા છે એનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ચાહે તે હો. જેમ કોઈ મુનિદીક્ષા અંગીકાર કરે છે તો એ પહેલા પ્રતિજ્ઞા લે છે. કોઈ સીધું જ કપડા ઉતારીને જંગલમાં ચાલ્યું જાય છે એમ નથી. એની દીક્ષા થાય છે. ચાલો આજથી હવે સાધુ થઈ ગયા. અમારે કાંઈ વિધિ-બિધિની લપ્પનછપ્પનમાં પડવું નથી. આ અમારે તો હવે સાધુ થઈ જવું છે અને સાધવો છે આત્માને એટલે ત્યાગ કરી નાખ્યો બધો અને આ હવે વયા ગયા બધાથી દૂર. જેની સાથે સંબંધ છે ત્યાં અમારે રહેવું નથી. એમ નથી. એની રીતસર વિધિપૂર્વક પ્રતિજ્ઞા લેવાય છે. બહુ હેતુ છે એની પાછળ કે આસક્તિને તોડવામાં પ્રતિજ્ઞા છે એ સવિકલ્પ દશામાં પણ એક એવું બળ છે કે જે અવ્રતાદિના પરિણામને ઉત્પન્ન થવા ન દે.

નહિતર ઘણાં એવી રીતે કરે છે કે આપણે પ્રતિજ્ઞા ન લેવી. આપણે યોગ્ય પ્રકારે બધો વ્યવહાર રાખવો પણ પ્રતિજ્ઞા ન લેવી. એને ઊંડે ઊંડે પણ પોતાની શક્તિ ઉપર વિશ્વાસ નથી. ક્યારેક પણ આપણે બીજા પરિણામ થાય તો પછી વાંધો નહિ. અથવા થઈ જશે તો? એવી એને દહેશત છે. જેના પરિણામમાં હજી વિકલ્પાત્મક સ્થિતિમાં પણ એટલું બળ નથી કે કોઈપણ ભોગે આ જીવન સુધી મરણ પર્યંત હું હવે એ પરિણામને સેવીશ નહિ, કરીશ નહિ એવું જોર હજી વિકલ્પમાં પણ ન આવે, નિર્ણયમાં પણ ન આવે એને આસક્તિ છૂટવાનો આગળનો પ્રસંગ છે નહિ. તેને આસક્તિ રહી ગઈ છે અંદરમાં, ભલે એ વ્રતાદિ રૂપ પ્રવર્તતો હોય તોપણ ત્યાગની દશામાં પ્રવર્તતો હોય તોપણ એ આસક્તિનો કષાય દબાયેલો છે, રૂંધાયેલો છે. એ પાછો ઉછળીને બહાર આવ્યા વિના રહેશે નહિ.

એટલે '**પ્રતિજ્ઞા લીધા વિના આસક્તિનો નાશ થતો નથી.**' એ વાત સમજણમાં હોવી જોઈએ. અને યથાસ્થાને, યથાર્થ પ્રકારે પ્રતિજ્ઞાનો વિકલ્પ મોક્ષમાર્ગી જીવને પણ આવ્યા વિના રહેતો નથી એમ સમજણમાં

હોવું જોઈએ. એમ ને એમ શુભભાવ છે અને એમ ઉડાડવાની વાત કરે તો એમ પણ ચાલે નહિ. જે સ્થાનમાં જે યોગ્ય છે એને એ સ્થાનમાંથી ઉથાપે તો એ વાત માર્ગને અનુકૂળ નથી.

**'પ્રથમ સ્વભાવનું ભાન થવું જોઈએ.'** સૌ પહેલા, પહેલામાં પહેલું કોઈ કરવા યોગ્ય છે તો તે શ્રુતજ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરીને એનું ભાન કરવું, અનુભવ કરવો એ સૌથી પ્રથમ કરવા જેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વાત આવી કે એની સાથે સાથે જે કરે છે એને એટલો ખ્યાલ હોય કે આ હજી સાચા વ્રત-પચ્ચખાણ નથી. તો એને વાંધો નથી. જે સ્વભાવની સ્થિરતાપૂર્વક પ્રતિજ્ઞા થઈ અને સ્વભાવની સ્થિરતાના સદ્‌ભાવમાં જે વ્રતાદિનો વ્યવહાર ઊભો થયો તે વ્રત સાચા. પણ સ્વભાવને જાણ્યા વિના સ્વભાવના ભાન વ્રતાદિ લીધા તો તે વ્રતાદિ ખોટા. ખોટા દાગીના પહેરવાનો એકાંતે નિષેધ નથી. પણ ખોટાને સાચા જાણીને પહેરાવાનો તો બરાબર નિષેધ છે. એમ છે. જ્યાં લૂંટફાટ થતી હોય ત્યાં ખોટા દાગીના પહેરે એમાં શું? પણ પછી લૂંટી જાય તો એને કેટલું દુઃખ થાય? કાંઈ ન થાય? એ પાંચ-પચ્ચીસ રૂપિયાના વયા ગયા એટલું પણ ન થાય? કે જવા દ્યોને, લઈ જવા દ્યોને હવે. એને એ ખોટાની કિંમત નથી. તેથી એ ખોટામાં ફસાશે નહિ. જે ખોટાને ખોટા જાણતા નથી એ ખોટાને સાચા જાણીને ફસાઈ જાય છે. આ તકલીફ ન થાય. વ્રતાદિ ન જ કરવા, અમને આત્મજ્ઞાન થયું નથી, આત્માનું ભાન થયું નથી માટે અમારે પાપની પ્રવૃત્તિ કરવી એમ કાંઈ હોય? આ વાત તો કોઈને ગળે ઉતરે એવી નથી. સ્થુળ બુદ્ધિમાં પણ ગળે ઉતરે એવી નથી. તું કર પણ એને ખોટા જાણીને. પછી વાંધો નથી.

માત્ર શુભભાવ છે. અશુભ એકલું ન થાય એટલા માટે આપણને એટલા અશુભથી બચવા અને શુભમાં રહેવામાં કાંઈ તકલીફ નથી. સહેજે સહેજે થાય છે. એમાં પણ આર્તધ્યાન થતું નથી. એમાં આર્તધ્યાન થાય તો ન કરવા. પાછા એમ કહે છે. ઉપવાસ કરે. સહેજે થાય તો ઠીક છે, સહેજે થાય તો એની પ્રવૃત્તિમાંથી છૂટીને તત્ત્વજ્ઞાન વિષયક પ્રવૃત્તિમાં પોતાનો સમય વ્યતીત કરી શકે એટલી પણ પ્રવૃત્તિ છોડીને. કેમ કે આહાર છોડે તો બીજી દુકાન-ધંધાની પણ પ્રવૃત્તિ છોડે. બહેનો હોય તો રસોઈ, રસોડાની પણ પ્રવૃત્તિ છોડે. તો બીજા ઘણાં અશુભ પ્રકારની પ્રવૃત્તિ છૂટે છે તો ત્યાં એને તત્ત્વજ્ઞાનના વિષયમાં આગળ વધવાનો સમય અને અવકાશ વધે છે એમ એને આત્માર્થના આશયથી અને એનું કોઈ ખાસ વિશેષ એ સિવાય બીજું કોઈ મૂલ્ય નથી કે એ કોઈ સાચો હજી મોક્ષમાર્ગ નથી કે એ કોઈ સાચું સાધન નથી. એમ એના રાગને તીવ્ર કરવાને બદલે એ પ્રકાર સહેજે ઊભો થતો હોય તો એનો સાચો લાભ લે તો એને વાંધો નથી.

એને એમ નથી કહેતા કે ના ના, તત્ત્વજ્ઞાન તને મળ્યું નથી અને આત્મજ્ઞાન થયું નથી માટે તું તારે બીજું બધું ચાલુ રાખજે અને વ્રત લેતો નહિ. એમ કહેતા નથી. પણ તારી સમજણ એ વિષયની બરાબર હોવી જોઈએ. વ્યવહાર સમજણ છે, સામાન્ય સમજણનો આ વિષય છે કે સાચાને સાચું જાણવું અને ખોટાને ખોટું જાણવું. તો તને ફસાવાની તકલીફ નહિ થાય. નહિતર ફસાઈ જઈશ. અને એ તત્ત્વજ્ઞાનની સમજણ વગરના સંપ્રદાયમાં પહેલા જીવો ક્રિયાકાંડમાં કેવા ફસાયેલા છે એ કાંઈ હવે શોધવા જાવું પડે એવું નથી. ૯૪૯ થયો.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (માર્ચ-૨૦૧૮)નું શુલ્ક શ્રીમતિ મીતાબેન શૈલેષભાઈ દેસાઈ, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# અનુભવ સંજીવની

## (પૂજ્ય ભાઈશ્રીના અગાધ મંથનમાંથી વહેલી યથાર્થતા સંબંધિત ચિંતન કણિકાઓ)

પ્રત્યેક કાર્ય યથાર્થ થાય, તેવો અભિપ્રાય હોવો જોઈએ, તેથી યથાર્થ સમયે યથાર્થપણે અને અચુકતા વડે કાર્ય થાય તેમ શીખવું જોઈએ, તે સફળતાનો વૈજ્ઞાનિક ક્રમ છે. કાર્યની યથાર્થતા, તે કાર્યની સુંદરતા છે, અને તેનાથી નિપુણતા અને ક્ષમતા નીપજે છે. શક્તિનો અપવ્યય થતો નથી અથવા તો સમય અને શક્તિનું પૂરું વળતર મળે છે. શક્તિના વિકાસનો આધાર પણ યથાર્થતા ઉપર છે, જેમકે યથાર્થ સુવિચારણાથી આત્મજ્ઞાન પ્રગટ થાય છે. (૬૮૭)

મુમુક્ષુજીવ દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્‌પુરુષ પ્રતિ બહુમાન, ભક્તિ, વિનયાદિ કરે છે. તોપણ તેમાં બે પ્રકાર પડે છે. યથાર્થ અને અયથાર્થ.

યથાર્થ પ્રકારે જો ઉપરોક્ત પરિણામો હોય, તો સર્વત્ર તેવા પરિણામો સહજ રહે અર્થાત્‌ દેવ, ગુરુ, શાસ્ત્ર અને કોઈપણ પ્રસિદ્ધ - અપ્રસિદ્ધ સત્પુરુષ વિષયક પ્રભાવનાનો પ્રસંગ ઉદયમાન થતાં ભક્તિ, વિનયાદિમાં ફેર પડતો નથી. પરંતુ અયથાર્થતામાં જીવ કોઈ અવાંતર હેતુથી અથવા વિપરીત અભિનિવેષને લીધે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના કોઈને કોઈ બહાને નિષેધ કરે છે, અને તેવા પરિણામોને વિવેક સમજીને સેવે છે, અથવા વિપર્યાસને દૃઢ કરે છે. કોઈ એક પ્રસંગે વિરૂદ્ધતા થવાનું કારણ એ કે યથાર્થતામાં જીવ આવ્યો નથી. પરંતુ અન્યત્ર પોતાના પરિણામ ભક્તિ વિનયના થતા હોવાથી, પોતે ભૂલ કરતો નથી, તેવા ભ્રમમાં રહી જાય છે. આમ ગંભીર ભૂલ થઈ જાય છે; જે કાળે કરીને સ્થૂળ ગૃહિત મિથ્યાત્વ ઉત્પન્ન કરાવે તેના બીજભૂત છે. (૭૦૬)

જિજ્ઞાસુ જીવે પાત્રતા / યથાર્થ મુમુક્ષુની ભૂમિકા અંગે વિચારતા, મુખ્ય બાબત, જે માર્ગાનુસારીપણું, તેનો વિચાર કરવા યોગ્ય છે. શ્રી જિને તેને સંક્ષેપમાં કહ્યું છે, કે જે જીવને સત્પુરુષની નિષ્કામભક્તિ પ્રાપ્ત થવામાં કોઈ બાધકભાવ થઈ આવતો ન હોય, અર્થાત્‌ સત્‌પુરુષની ભક્તિ પ્રાપ્ત થવાની સારી એવી યોગ્યતા પ્રગટ હોઈ, તેવા 'ગુણો' વાળાને 'માર્ગાનુસારી' ગણવા યોગ્ય છે.

'બીજરુચિ સમ્યક્‌ત્વ' અર્થાત્‌ સત્‌પુરુષની (ઓળખાણપૂર્વક) સ્વચ્છંદ નિરોધપણે, આજ્ઞારુચિરૂપે નિષ્કામ ભક્તિનું કારણ ઉક્ત માર્ગાનુસારીપણું થાય છે.

'બીજરુચિ સમ્યક્‌ત્વ' સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિનું - તે રૂપ સમ્યક્‌ત્વ સન્મુખનું કારણ થાય છે, કે જે નિર્વિકલ્પ પરમાર્થ સમ્યક્‌ત્વનું અનન્ય અને નિશ્ચય કારણ છે. આમ જિન વચનમાં, અનંત ભવ છેદક કલ્યાણમૂર્તિ સમ્યક્‌દર્શનનું મૂળ નજરે ચડે છે. તે અર્થે તે વચનને નમસ્કાર હો!! (૭૩૦)

પરમાર્થનું કથન આત્મભાવના તથારૂપ આવિર્ભાવપૂર્વક થવું ઘટે છે અથવા આત્મભાવનો અવિર્ભાવ થવા અર્થે, પરમાર્થ વિષયક વચન વ્યવહારમાં પ્રવર્તવાનો ઉદ્દેશ્ય હોય, તો તે યથાર્થ છે.

જો તે પ્રકારે વચન પ્રયોગ ન થાય, તો તેમાં કૃત્રિમતા થાય છે, અથવા ઉદ્દેશ્યના અન્યથાપણાને લીધે, પ્રાયઃ કલ્પના થાય છે. તેથી વિચારવાન મુમુક્ષુજીવ અને જ્ઞાની તેવી પ્રવૃત્તિ કરતાં નથી. (૮૮૩)

પરમ પદાર્થ શુદ્ધ આત્મસ્વરૂપ સિવાઈ, અન્ય કોઈ દ્રવ્ય / ભાવ અવલંબન-યોગ્ય નથી.-એમ જાણી તેના ઉપર વજન/જોર દેવામાં આવે છે, તેમાં બે પ્રકાર છે.

એક ભાવભાસનપૂર્વક, બીજું જાણપણું તે પ્રકારનું હોવાથી ઓઘસંજ્ઞાએ. ઓઘસંજ્ઞાએ ભાવભાસન વગર ગમે તેટલું જોર દેવાય, તોપણ તેમાં રાગનું બળ / પ્રધાનતા હોવાથી કૃત્રિમતા થાય છે. જેથી પરસન્મુખતા ચાલુ રહી, રાગવૃદ્ધિ થશે. પરંતુ સમ્યક્ત્વ અને વીતરાગતા પ્રગટ નહિ થાય. ભાવભાસનથી જ્ઞાનબળ વૃદ્ધિગત સહેજે થઈ, સ્વસન્મુખના પુરુષાર્થ વડે, સ્વાનુભવ પ્રગટ થાય છે. જે યથાર્થ વિધિ છે. પ્રથમ પ્રકારમાં જાણપણું યથાર્થ હોવા છતાં વિધિ યથાર્થ નથી. પરંતુ જેનું વજન પર્યાય કે ભેદ ઉપર જાય છે - તે તો યથાર્થતામાં જ નથી. ત્યાં સ્વરૂપ પ્રગટ થવાનું તો બને જ ક્યાંથી? (૮૮૫)

❖

શાસ્ત્રના શબ્દનો અર્થ કરવામાં માત્ર ક્ષયોપશમની આવશ્યકતા છે. જે લૌકિક જનને પણ હોય છે. પરંતુ તેના ભાવ સમજી તેની ખતવણી કરવી તે જુદો વિષય છે. જે પાત્રતા આધારીત છે.

શાસ્ત્ર, અનુભવી સ્વરૂપદષ્ટિવાન મહત્ પુરુષો દ્વારા રચાયેલાં છે. તેથી તેના અર્થની યથાર્થ ખતવણી, સ્વરૂપદષ્ટિ પ્રાપ્ત ધર્માત્મા જ કરી જાણે છે, અન્ય નહિ. શબ્દાર્થનું મહત્વ નથી, ખતવણીનું મહત્વ છે. સર્વસ્વપણે ઉપાદેય શુદ્ધાત્માની દષ્ટિપૂર્વક પ્રવર્તતું જ્ઞાન, યથાર્થપણે ખતવણી કરે છે, કરી શકે છે. રાગની ઉપાદેયતાવાળા જીવની ખતવણીમાં ભૂલ થાય છે. (૮૯૩)

❖

દેહની પીડા વગેરેનું દુઃખનું વેદન અનુભવનો વિષય છે, માત્ર વિચારનો વિષય નથી, તો તેના નિવારણ માટે, માત્ર સુખ કે આત્માનો વિચાર કરવાથી તે દુઃખ મટવાનું કેમ બને? તે માટે તો સુખ સ્વભાવનું પરિણમન થવું ઘટે છે. કોઈ એક વિચારને વિરુદ્ધ વિચારથી બંધ કરી શકાય, પરંતુ વેદનનું બળવાનપણું હોવાથી, તે માત્ર વિચારથી રોકી શકાય કે બંધ કરી શકાય નહિ. દુઃખનું વેદન સુખના વેદનથી જ ટાળી શકાય, સુખ સ્વભાવનું ગ્રહણ થવાથી, કલ્પના માત્રથી ઉત્પન્ન થયેલું દુઃખ, કલ્પના છૂટી જવાથી મટે છે. તેથી જ્ઞાયકનો વિકલ્પ, કે ચિંતન, દુઃખનો નાશ કરવા સમર્થ નથી. સુખ વેદન જ દુઃખનો ઉપાય છે. (૯૦૫)

❖

કૃત્રિમ પુરુષાર્થ / પ્રયાસનો અભિપ્રાય છોડવા યોગ્ય છે. તેવા અભિપ્રાયમાં વિધિની ભૂલ છે. યથાર્થ જ્ઞાન વડે સહજ પુરુષાર્થનું ઉત્થાન થાય છે. અથવા ધ્યેય પ્રતિ યથાયોગ્ય પ્રકારના પરિણામો સહજ થવા લાગે (લગની, જાગૃતિ, દર્શન પરિષહ વગેરે) તે યથાર્થતાનું લક્ષણ છે. કૃત્રિમપણાનો અભિપ્રાય અયથાર્થતાનું લક્ષણ છે. તેથી કૃત્રિમતા કર્તવ્ય નથી, તેમજ અનુમોદવા યોગ્ય પણ નથી. (૯૨૬)

❖

અનાદિથી જીવનો (ભાવમાં) રાગ પ્રતિ ઝૂકાવ છે. તે પલટીને વીતરાગતાની ઉપલબ્ધિ થવા અર્થે અંતર્મુખ થવું-રહેવુ તે જ ઉપાય છે, પરંતુ મુમુક્ષુતા અને નીચેના ગુણસ્થાને (મુનિદશામાં આવ્યા પહેલાં) પરિણમન બહુભાગ બહિર્મુખ (અનિવાર્યપણે) વર્તે છે, ત્યાં વીતરાગી મહાત્માઓ અને વીતરાગદેવોના વીતરાગભાવ સ્વરૂપને સ્મરણમાં જ્ઞાનમાં લઈ નમસ્કાર બહુમાનના ભાવો થવા સહજ છે. યદ્યપિ પરદ્રવ્ય પ્રતિના પરિણામ બહિર્મુખતાને લીધે ઉપાદેય નથી. પરંતુ 'લક્ષ'માં વીતરાગતા હોવાથી, રાગનો અને બહિર્મૂખતાનો નિષેધ વર્તે છે. તેમજ / પરંતુ શુષ્કતા થતી નથી. પ્રકારાંતરે શુષ્કતાની સંભાવના રહે છે. યથાર્થતામાં ઉક્ત ભક્તિ સહજ હોય છે. (૯૬૮)

❖

બુદ્ધિની વિશાળતા અને ઉદારતા સત્યનો સ્વીકાર કરે છે. તે સ્વીકાર થવામાં મધ્યસ્થતા હોવી અતિ આવશ્યક છે. જે જીવ મધ્યસ્થ હોય તે પોતાના નિર્ણયથી વિરુદ્ધ વાતને વિચારી શકે છે, સ્થિર ચિત્તથી વિચારી યોગ્ય અયોગ્ય સમજી શકે છે. યથાર્થતાની પ્રાપ્તિમાં મધ્યસ્થતાનું મહત્વપૂર્ણ યોગદાન છે. તેથી મુમુક્ષુએ અભિપ્રાયપૂર્વક મધ્યસ્થતા ધારણ કરવી યોગ્ય છે. મધ્યસ્થતાના અભાવમાં પોતાના અભિપ્રાય વિરુદ્ધ હકીકત, સત્ય હોય તોપણ તેનો નિષેધ આવે છે. તેથી સહજ અસરળતા થઈ જાય છે, અને નિષ્પક્ષપણે વિચારવાની યોગ્યતા હાનિ પામવાથી અયથાર્થ નિર્ણય લેવાય જાય છે. (૯૯૨)

❉

સત્‌શ્રુત પ્રાપ્ત થવા છતાં પણ જીવને નિજ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થવામાં, એટલે કે સ્વરૂપની ઓળખાણ થવામાં અંતરાયરૂપ જીવનો મતિ વિપર્યાસ છે. તે મતિ વિપર્યાસ, પરમાં સુખબુદ્ધિને લીધે ઉત્પન્ન થયેલા રસને લીધે છે. અંતરથી આત્મકલ્યાણની ભાવનાપૂર્વક, આ વિભાવરસને ઝેર જાણી, મોળો (ફીક્કો) પાડવામાં આવતાં વૈરાગ્ય અને ઉપશમ પ્રગટે છે. આમ યથાર્થપણે વિભાવભાવો નીરસ થયાં પહેલાં, સ્વરૂપને સમજવા જતાં, જાણ્યે અજાણ્યે સ્વરૂપનો અન્યથા - કલ્પિત નિર્ધાર થઈ જાય છે. કારણકે મિથ્યાત્વ મોળું પડ્યું નથી. તેથી પરમાં સુખબુદ્ધિ એ જ આરંભ - પરિગ્રહ છે, કે જે યથાર્થ વૈરાગ્ય - ઉપશમરૂપ આત્માર્થીની યથાર્થ ભૂમિકાના વેરી છે, વિરોધી અને ઘાતક છે. આત્માર્થી જીવે સર્વ ઉપદેશ અને સિદ્ધાંતને ઉપશમ અર્થે (વિભાવરસ તોડવા અર્થે) ગ્રહણ કરવા યોગ્ય છે, અને તે જ યથાર્થતા છે. (૧૦૩૯)

❉

અધ્યાત્મનો આશય બુદ્ધિગમ્ય થવાથી, ત્રિકાળી પરમપારિણામિક જ્ઞાયક સ્વભાવનો, આશ્રય અવલંબન-લક્ષ અંતર્મુખતા વગેરે થવાનું, તેમ થવાના હેતુઓ, ન્યાયો, યુક્તિઓ, આગમ આધારો વગેરે સમજવાનું અને સમજાવવાનું બની શકે છે. પરલક્ષી જ્ઞાનમાં ત્યાં સુધી પરમાર્થના વિષયનો સંભવ છે, પણ યથાર્થતા તો સ્વલક્ષ થતાં જ થાય છે. ત્યાં સુધી ઉક્ત વિષયનો ભાવ ભાસતો નથી. આવી સ્થિતિમાં પ્રાયઃ યથાર્થતા મનાઈ જાય છે, જે યથાર્થતાને પ્રતિબંધક છે. યથાર્થતા સમ્યક્‌ત્વ ઉપજવાનું અંગ છે. એટલે કે પૂર્વભૂમિકા છે. આ વિષય સૂક્ષ્મ છે, કારણકે યથાર્થતા આવ્યા વિનાની આ સમજણમાં કલ્પના થઈ, કલ્પિત ભાવમાં સંતોષ મિથ્યા સંતોષ / સમતા આવે છે. પણ સ્વભાવની અપૂર્વ રુચિ અને વિભાવની અરુચિ પ્રગટતી નથી. ફલતઃ યોગ્યતા રોકાઈ જાય છે. (૧૦૪૧)

❉

લોકસંજ્ઞાને શ્રદ્ધા સાથે સંબંધ છે. જે લોકોના અભિપ્રાય ઉપર જીવે છે, તેને પોતા પર શ્રદ્ધા નથી. જેને પોતામાં શ્રદ્ધા છે તેને લોકોની પડી નથી હોતી. પોતાની નિર્દોષતા જ નિઃશંકતાનો આધાર હોવો જોઈએ. સત્યને બીજાના સર્ટિફિકેટની જરૂર હોય, તો તે પાંગળુ / અપંગ થઈ જાય. લોકોના અભિપ્રાયને ખરીદવાવાળા સત્યને વેચી, આત્મઘાત કરે છે. તેવા જીવનમાં શાંતિ હોતી નથી. સમ્યક્‌માર્ગે ચાલનાર સ્વતંત્ર વિચારક, કોઈની પણ તમા કર્યા વિના, મસ્તીમાં જીવે છે. તેને કોઈ ઘટના કે દુર્ઘટના ચલીત કરી શકતી નથી, સર્વ પ્રસંગો માર્ગની દૃઢતા થવામાં તેને, ઊલટાના ઉપકારી થાય છે. સાચી સમજણનો આવો સ્વભાવ છે. (૧૦૬૭)

❉

જીવ ભાવભાવસન માટે પ્રયોગાભ્યાસ ન કરે અને શાસ્ત્રાભ્યાસ વધારે, તો પ્રાયઃ અનેક સ્થળે કલ્પના કરે છે. તેથી માર્ગપ્રાપ્તિની દિશામાં જરાપણ વિકાસ થતો નથી, પરંતુ જ્ઞાન-વૃદ્ધિ થયાનો સંતોષ થાય છે, અને ઓઘસંજ્ઞા

જનિત વિપર્યાસ થાય છે એ પ્રકારે શ્રદ્ધા અને જ્ઞાનનો - બંન્ને દોષ થાય છે. કૃપાળુદેવે યથાર્થ જ કહ્યું છે કે 'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો માત્ર મનનો આમળો, જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.'

તેથી થોડું પણ યથાર્થ જ્ઞાન હોવું ઘટે. (૧૧૪૬)

❉

'યથાર્થ લક્ષ' થવાથી જીવના પરિણામો સહજ અનુક્રમ પ્રમાણે થવા લાગે છે. પ્રારંભથી વર્તમાન પરિણામ, માત્ર જાણવાનો વિષય થઈ જાય છે, જોર તેને 'કરવા' ઉપર રહેતું નથી. લક્ષ હોય ત્યાં જોર જાય (છે.) આ પરિણામનો નિયમ છે. તેથી પરિણામોનું મૂલ્ય લક્ષ આધારિત થવું ઘટે છે, માત્ર પરિણામ આધારીત નહિ. વર્તમાન પરિણામ કર્તૃત્વ ભાવે કરાય ત્યાં સુધી 'યથાર્થ લક્ષ' થયું નથી, અને કર્તૃત્વને લીધે દર્શનમોહ વૃદ્ધિગત થાય છે. આત્માર્થી જીવે પ્રગતિ માટે, આ ખાસ વિચારવા યોગ્ય છે. (૧૧૮૬)

❉

પરિણામમાં વિકલ્પને ન જુઓ, પરંતુ અનુભવને જુઓ, મુખ્યતા કોની થઈ રહી છે? તે જુઓ. શુભાશુભની રુચિ કેટલી છે? તે તપાસો. વિકલ્પમાં આકુળતા છે, પર તરફના વલણમાં આકુળતા છે, તેની અરુચિ કેમ નથી? તે શોધો! સત્પુરુષના વચનમાં પણ માત્ર ન્યાયને જ ન વિચારો, પરંતુ તેમના અનુભવને અને અનુભવના ઊંડાણને જોવા પ્રયાસ કરો. માર્ગ અનુભવ પ્રધાન હોવાથી, સર્વત્ર અનુભવની પ્રધાનતા થવી ઘટે, જેથી ક્યાંય અયથાર્થતા નહિ થાય. (૧૧૯૨)

❉

જે જીવની વિચાર-શૈલી આદર્શ-પ્રધાનતા યુક્ત હોય છે, તેનું અંતઃકરણ નિર્મળ હોય છે, તેથી તેવા નિર્મળ અંતઃકરણવાળો જીવ સુગમતાએ 'પૂર્ણતાનું લક્ષ' બાંધી શકે છે. તેને તો ઉચ્ચ કોટિનું જીવન ઘડવાનો પ્રથમથી જ અભિપ્રાય હોય છે. તેથી તથારૂપ અવકાશ મળવાથી તે જીવન બદલવા સહજ તૈયાર થઈ જાય છે. આવો જીવ પ્રાયઃ વીર્યવાન અને સમર્પણબુદ્ધિ યુક્ત હોય છે. જે 'લક્ષ' બાંધવા માટે સુસંગત છે, સુયોગ્ય છે. (૧૨૪૦)

❉

આત્માર્થી જીવ અપક્ષપાતપણે અને સરળતાએ પોતાના દોષનું અવલોકન કરે ત્યારે તેને ખેદ અવશ્ય થાય પરંતુ તેથી હતોત્સાહી થવું ઘટે નહિ. યથાર્થ એમ હોય. જેથી સ્વકાર્યનો ઉત્સાહ વર્ધમાન થાય. જેમ અન્યના ગુણ દેખી થાય તેમ. (૧૨૪૮)

❉

વસ્તુ, સ્વરૂપે અનેક અપેક્ષિત અને નિરપેક્ષ ધર્મ સંપન્ન છે. જિનાગમ દ્વારા તે જાણી શકાય છે, તથાપિ તે જાણવા કાળે, આત્મહિતનો દૃષ્ટિકોણ - મુખ્યતા રહે તો જ તે સ્વરૂપ-જ્ઞાન સાર્થક ઉપકારી છે. અન્ય દૃષ્ટિથી જાણતા અનર્થ થાય છે, થઈ જાય છે. (૧૨૫૪)

❉

ઈન્દ્રિય દ્વારા ઉત્પન્ન થતું જ્ઞાન બહિર્મુખ હોવાથી આકુળતા ઉત્પન્ન કરે છે તેથી તેનાથી આત્મલાભ થતો નથી, પરંતુ શાસ્ત્ર જ્ઞાનમાં બુદ્ધિપૂર્વકનો વિપર્યાસ ન હોય તો તે જ્ઞાનમાં યથાર્થતા હોવા સંભવ છે. અને તેવી યથાર્થતાપૂર્વક તે જ્ઞાન વિકાસ પામી આગળ વધી સમ્યક્તા પામે છે. જેથી આત્મોન્નતિના ક્રમમાં તે યથાર્થતાનો સ્વીકાર થવા યોગ્ય છે. વ્યવહારના સ્થાને વ્યવહાર સંમત થવો ઘટે છે. (૧૨૮૧)

❉

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૦૭ મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૭ મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૨૪-૪-૨૦૧૮ થી તા.૨૬-૪-૨૦૧૮ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

તા.૨૬-૪-૨૦૧૮, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

સંપર્ક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

આયોજક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર


## 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| પત્રનું નામ | : | 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશ સ્થળ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : | માસિક |
| મુદ્રક | : | ભગવતી ઑફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : | શ્રી હીરાલાલ જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, હીરાલાલ જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોકત વિવરણ સત્ય છે.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૮

**હીરાલાલ જૈન**

**મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.**

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



**પ્રશ્ન :-** આ બધું એકલા વિકલ્પમાં બેસે તો ચાલે ખરું?

**સમાધાન :-** પહેલાં વિકલ્પ હોય છે, નિર્વિકલ્પ તો પછી થાય છે. પહેલાં તો અભ્યાસ જ હોય છે અને તે અભ્યાસ ઊંડાણથી થાય તો પણ તેનો નિર્ણય એમ હોવો જોઈએ કે આ અભ્યાસ વિકલ્પમાં છે, અંદર ઊંડું જવાનું બાકી છે. આમ ધ્યેય રાખે તો ઊંડો જવાનો પ્રયત્ન થાય. પરંતુ વિકલ્પ માત્રમાં અટકી જાય કે મેં ઘણું કર્યું, તો આગળ ન જવાય. આ વિકલ્પ માત્ર અભ્યાસ છે, હજી તેનાથી આગળ જવાનું છે; એમ ધ્યેય હોવું જોઈએ. જો એમ ધ્યેય રાખે તો આગળ જવાય.

મુમુક્ષુ :- ધ્યેય ધ્રુવનું રાખીને અભ્યાસ કરવો?

બહેનશ્રી :- હા, ધ્રુવનું ધ્યેય રાખવું જોઈએ, તો આગળ જવાય.

મુમુક્ષુ :- ધ્રુવનું લક્ષ રાખીને વાત સાંભળવી તે શું વિકલ્પાત્મક ભૂમિકા છે?

બહેનશ્રી :- તે વિકલ્પાત્મક ભૂમિકા છે. ધ્રુવનું ધ્યેય હોવું જોઈએ કે આગળ જવાનું છે, નિર્વિકલ્પ થવાનું છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૨)**

**પ્રશ્ન :-** કેટલીક વાર તો એમ થાય કે ગુરુદેવ મળ્યા ને વાત મળી છતાં આગળ કેમ જવાતું નથી? એ વાત રુચે છે તો પણ આગળ કેમ જવાતું નથી?

**સમાધાન :-** ભાવના તો એમ રહે કે આટલું મળ્યું છતાં આગળ કેમ થતું નથી? ગુરુ મળ્યા, અંદર રુચિ થાય, સાચું લાગે, પણ પોતે પરિણતિનો પલટો કરતો નથી તે બાકી છે. અંતરમાં ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરી પલટો ખાય ને સ્વાનુભૂતિ પ્રગટે તેને પછી ચારિત્ર બાકી રહે છે. પ્રથમ પગથિયે સમ્યગ્દર્શન મુખ્ય છે અને તે પલટો કરવાથી થાય છે. જો પલટો ખાધો તો સાચા માર્ગે ચડી ગયો.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૩)**

**પ્રશ્ન :-** જ્ઞાની વગર જ્ઞાન ગમ્ય નથી. પણ અમોને જ્ઞાનીઓના ભેટા થયા, છતાં આ પરિસ્થિતિ કેમ રહી ગઈ?

**સમાધાન :-** પોતે ગુરુને અને ભગવાનને ઓળખ્યા નહિ. તેમને બહારથી ઓળખ્યા, પણ અંતરથી ઓળખ્યા નહિ. અંતરથી અપૂર્વ રીતે-આ જુદા છે ને જુદું કહે છે એ રીતે-ઓળખ્યા નહિ. પંચમકાળમાં ગુરુદેવ પધાર્યા અને જુદી રીતે વાત કહી એટલે બધાને આટલો ખ્યાલ આવ્યો કે તેઓ જુદું કહે છે. તેણે સ્થૂલ દૃષ્ટિએ બહારથી ભગવાનને અને ગુરુને ઓળખ્યા; પણ તેઓ શું કહી ગયા તે ગ્રહણ કર્યું નહિ.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૪)**

**પ્રશ્ન :-** હું જુદો છું, જુદો છું એવું લાગ્યા કરે તો તે શું બરાબર છે?

**સમાધાન :-** જ્ઞાનીને જાગતાં, સૂતાં, સ્વપ્નમાં, હાલતાં, ચાલતાં હંમેશાં જુદો લાગે તે બરાબર છે. તે પહેલાં હું જુદો છું, જુદો છું એવું બોલવા માંડે તે નહિ. તથા હું જુદો છું એવું (શાસ્ત્રથી) જાણી લીધા પછી હું જુદો છું એમ વિચાર થયા કરે તે પણ બરાબર નહિ. પણ સાક્ષાત્ જ્ઞાયક તેના હાથમાં દેખાતો હોય કે હું આ રહ્યો જ્ઞાયક, હું આ રહ્યો જ્ઞાયક અર્થાત્ હું જ્ઞાયક આ રહ્યો એવું જ વેદન રહ્યા કરે તે બરાબર છે. પોતાના જ્ઞાનમાં જ્ઞાયક જુદો જ લાગ્યા કરે,-તે (જ્ઞાયક) પ્રગટપણે જુદો લાગે તે યથાર્થ છે. હું જ્ઞાયક છું એવો માત્ર વિકલ્પ નહિ પણ આત્મજાગૃતિ થવી જોઈએ અને તે દુનિયાથી જુદી જ હોય છે. જગતથી જુદો પડે તેને પછી મૂંઝવણ રહેતી નથી, આ જ્ઞાયકની ધારા મારા હાથમાં છે, પુરુષાર્થની સહજ ધારા અમુક પ્રકારે તો જ્ઞાનીની ચાલતી જ હોય છે, વિશેષ ઉગ્રતા પછી થાય છે. તે ધારામાં નીચેની દશા હોય ત્યારે અમુક વખતે મંદતા હોય છે ને અમુક વખતે તીવ્રતા હોય છે.

મુમુક્ષુ :- અંદરથી ખ્યાલ આવે છે, છતાં ઉગ્રતા કેવી રીતે લાવવી?

બહેનશ્રી :- શ્રદ્ધાનું બળ વધે તો ઉગ્રતા થાય. અંતરતત્ત્વનું બળ વધે, અંદર વિરક્તિ વધે, ચૈતન્યની-પોતાની મહિમા વધે અને બહારની મહિમા છૂટે, બહારમાં આકુળતા લાગે ને જ્ઞાયકની મહિમા વધી જાય તો ઉગ્રતા વધે. હજી (પોતાને) શ્રદ્ધાના બળમાં મંદતા થાય છે તો શ્રદ્ધાના બળમાં પોતાને મંદતા કેમ છે? તે પોતે વિચારવું. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૫)**

❋

**પ્રશ્ન :-** આપણા ઉદયને લઈને બાળકને મુશ્કેલી પડે ને?

**સમાધાન :-** તમારા ઉદયથી બાળકને તકલીફ ન પડે, તેને તેના ઉદયથી તકલીફ થાય. તેનો ઉદય સ્વતંત્ર અને તમારો ઉદય પણ સ્વતંત્ર છે. તે બાળકે એવા પરિણામ કર્યા હોય એટલે તેને તકલીફ પડે-એવી જાતનો સંયોગ મળે.

કોઈ રાજાને ઘરે જન્મે, કોઈ ગરીબના ઘરે જન્મે, તો કોઈ ક્યાંય જન્મે,- એમ બધા જીવ પોતાના ઉદયને લઈને આવે છે. તેથી તો શાસ્ત્રમાં આવે છે ને ગુરુદેવ પણ કહે છે કે આત્માનું કરી લે. જન્મ-મરણ કરતાં કરતાં અનંત ભવ થયા. તેમાં કોઈ મનુષ્યભવ પામે તે પોતાના પરિણામથી અને કોઈ દેવ, નારકી કે ઢોર થાય તોપણ તે પોતાના પરિણામથી થાય. તેમાં કોઈ કોઈનું કરી શકતો નથી.

શુભાશુભભાવનો કરનારો તથા તેનું ફળ ભોગવનારો પોતે છે. અને તેનાથી જુદો પડી હું આત્મા શાશ્વત છું, મારામાં આનંદ છે-એમ આત્માને જાણનારો પણ પોતે છે. આત્માને ઓળખનારો મોક્ષને પામે છે. અંતરમાં ભેદજ્ઞાન કરીને એમ જાણે કે શરીર જુદું અને હું જુદો, સંકલ્પ-વિકલ્પ થાય તે હું નહિ, જાણનારો હું આત્મા કોઈનું કરી શકું નહિ, તો મુક્તિની દશા અંતરમાં પ્રગટે છે. જિનેન્દ્ર ભગવાન અને ગુરુ ઉપદેશ આપે પણ પુરુષાર્થ કરવાનો પોતાને રહે છે. કોઈ કોઈનું કરી શકતું નથી. આત્માની સાધના પણ સ્વયં પોતે કરે છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૬)**

❋




**૧૬૫**

**મુંબઈ, કાર્તિક સુદ ૫, સોમ, ૧૯૪૭**

**પરમ પૂજ્ય-કેવલબીજ સંપન્ન,**

**સર્વોત્તમ ઉપકારી શ્રી સૌભાગ્યભાઈ, મોરબી**

આપના પ્રતાપે અત્ર આનંદવૃત્તિ છે.

પ્રભુ પ્રતાપે ઉપાધિજન્ય વૃત્તિ છે.

ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે. તથાપિ એમાંય અપલક્ષણ કંઈ ઓછાં નથી! વિચિત્ર કરવું એ જ એની લીલા! ત્યાં અધિક શું કહેવું!

સર્વ સમર્થ પુરુષો આપને પ્રાપ્ત થયેલાં જ્ઞાનને જ ગાઈ ગયા છે. એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. હું ધારું છું કે કેવળજ્ઞાન સુધીની મહેનત કરી અલેખે તો નહીં જાય. મોક્ષની આપણને કાંઈ જરૂર નથી. નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિર્મુંઝનપણાની અને નિઃસ્પૃહપણાની જરૂર હતી, તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાય છે; અને પૂર્ણ અંશે પ્રાપ્ત કરાવવાની કરુણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે. છતાં વળી એથીયે અલૌકિક દશાની ઈચ્છા રહે છે, ત્યાં વિશેષ શું કહેવું?

અનહદ ધ્વનિમાં મણા નથી. પણ ગાડીઘોડાની ઉપાધિ શ્રવણનું સુખ થોડું આપે છે. નિવૃત્તિ વિના અહીં બીજું બધુંય લાગે છે.

જગતને, જગતની લીલાને બેઠા બેઠા મફતમાં જોઈએ છીએ.

આપની કૃપા ઈચ્છું છું.

**વિ. આજ્ઞાંકિત રાયચંદના પ્રણામ.**

**૧૬૬**

**મુંબઈ, કાર્તિક સુદ ૬, ભોમ, ૧૯૪૭**

સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે?

નીચેના વાક્યો પ્રત્યેક મુમુક્ષોઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષના સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે :-

૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.

૨. કોઈ પણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.

૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્ર શ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, ને 'સત્' શ્રદ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.

૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.

૫. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિકાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.